

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-47 ■ તા. 01-12-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# કાશ્મીરમાં કડકડતી ઠંડી, પારો ગગડ્યો





જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં હિમવર્ષાના કારણે દેશના ઉત્તરીય રાજ્યોમાં ઠંડીની અસર યથાવત છે. ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, બિહાર, પંજાબ અને હરિયાણામાં પણ ગાઢ ધુમ્મસનું એલર્ટ આપવામાં આવ્યું છે.હિમાચલ પ્રદેશના પાંચ જિલ્લા કિન્નૌર, કુલ્લુ, લાહૌલ સ્પીતિ, કાંગડા અને ચંબામાં ૩ દિવસ માટે હિમવર્ષાનું એલર્ટ છે. આ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે.બીજી તરફ કાશ્મીરમાં ઠંડી સતત વધી રહી છે. પહેલગામમાં ગઈરાત્રિનું તાપમાન માઈનસ ૩.૪ ડિગ્રીએ પહોંચી ગયું છે. શ્રીનગરમાં તાપમાન માઈનસ ૧ ડિગ્રી નોંધાયું હતું.ઉત્તરીય રાજ્યોમાં હિમવર્ષાના કારણે મધ્યપ્રદેશમાં પણ ઠંડા પવનોને કારણે તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે. ભોપાલમાં નવેમ્બર મહિનો ૩૬ વર્ષમાં સૌથી ઠંડો રહ્યો હતો. અહીં તાપમાનનો પારો ૮.૨ ડિગ્રીએ પહોંચી ગયો છે.દર વર્ષે ૧૫ નવેમ્બર સુધીમાં રોહતાંગના ઊંચા પહાડો પર અનેક ફૂટ બરફ પડતો હતો. આ વર્ષે ૩૦મી નવેમ્બર સુધી પણ બરફ પડ્યો નથી. જો કે અહીં ૧-૨ દિવસમાં હિમવર્ષા થઈ શકે છે.બંગાળની ખાડીમાંથી ઉદભવેલા વાવાઝોડું ફેંગલની અસરને કારણે તમિલનાડુના ઘણા જિલ્લાઓમાં વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. છેલ્લા ૪ દિવસથી સતત વરસાદને કારણે અહીં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ઘણા જિલ્લાઓમાં સ્કૂલો-કોલેજો બંધ કરી દેવામાં આવી છે. દિલ્હીમાં ૨ દિવસ પહેલા એટલે કે ૨૮ નવેમ્બરે આ સિઝનની સૌથી ઠંડી રાત નોંધાઈ હતી. IMD અનુસાર, ગુરુવારે તાપમાન ૧૦.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અગાઉ, ૨૧ નવેમ્બરની રાત્રે ૧૦.૨ ડિગ્રી સેલ્સિયસ અને ૨૭ નવેમ્બરના રોજ ૧૦.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિવસ દરમિયાન દિલ્હીનું મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં એક ડિગ્રી વધુ હતું. આ સિઝનનું આ બીજું સૌથી ઓછું તાપમાન છે. સૌથી ઠંડા દિવસનું તાપમાન ૧૯ નવેમ્બરે ૨૩.૫ °C નોંધાયું હતું.હિમાચલ પ્રદેશના ઊંચા પર્વતોમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે.

# ગાંધીનગર કલેક્ટરશ્રી મેહુલ કે.દવે દ્વારા ગાંધીનગર તાલુકાના લેકાવાડા ગામની મુલાકાત લેવામાં આવી





ગાંધીનગર કલેકટરશ્રી મેહુલ કે.દવે દ્વારા ગાંધીનગર તાલુકાના લેકાવાડા ગામની મુલાકાત લેવામાં આવી તા.૨૯/૧૧/૨૦૨૪ ના રોજ ગાંધીનગર,કલેકટરશ્રી મેહુલ કે. દવે દ્વારા ગાંધીનગર તાલુકાના લેકાવાડા ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન કલેકટરશ્રીએ લેકાવાડા પંચાયત તલાટી કમ મંત્રી ની સામન્ય દફતર તપાસણી કરી ,વસુલાતની કામગીરી પર ભાર મુકયો હતો. ત્યારબાદ પંચાયત કચેરી ખાતે હાજર સરપંચ તથા ગ્રામજનો સાથે સંવાદ કરી તેમના પ્રશ્નો સાંભળી તેમની રજુઆતોના હાકારાત્મક નિકાલની ખાતરી આપી હતી. ઉલ્લેખનીય છે કે, કલેક્ટર શ્રી ગાંધીનગર દ્વારા પ્રાકૃતિક ખેતી માટે અનેકવિધ પ્રયાસો હાથ ધરાયા છે. જે મુજબ તેઓ પ્રેરણા પ્રવાસ દ્વારા પ્રાકૃતિક ખેતીની સમજ વધુમાં વધુ ખેડૂતો સુધી પહોંચાડવા તથા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ જિલ્લામાં વધે તે માટે પ્રયત્ન કરી રહ્યા છે.આ પહેલ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારની મુલાકાત દરમિયાન કલેકટરશ્રીએ હાજર ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી પર ભાર મુકવા પણ જણાવ્યું હતું. ગાંધીનગર કલેકટરશ્રી હંમેશા શૈક્ષણિક બાબતો પ્રત્યે પણ ખુબ જ રસ પૂર્વક કાર્યરત છે.હંમેશા નાના ભુલકાઓ વચ્ચે જઈ તેમની સાથે વાર્તાલાપ કરવો તે શાળામાં ચાલતી શૈક્ષણિક પધ્ધતિની સમીક્ષા કરી શિક્ષણનું સ્તર ઉંચુ આવે તે માટે પણ તત્પર રહે છે.માટેજ લેકાવડા ગામની મુલાકાત દરમિયાન કલેકટરશ્રીએ ગામની પ્રાથમિક શાળાની પણ મુલાકાત લીધી હતી , એટલુંજ નહી પણ શાળાના આચાર્યશ્રીને સ્ટાફની હાજરી, સ્વચ્છતા તથા બાળકોને સારું શિક્ષણ આપવા જરુરી સૂચનો પણ કર્યા હતા.તથા શાળાનાં વિદ્યાર્થીઓ સાથે સહજ સંવાદ સાધ્યો હતો તેમજ વિદ્યાર્થીઓની વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ વિશે જાણકારી મેળવી વિદ્યાર્થીઓનો ઉત્સાહ પણ વધાર્યો હતો.

# બાંગ્લાદેશમાં હિન્દુઓ સુરક્ષિત, ઈસ્કોન પર પ્રતિબંધ નહીં મૂકીએ..', યુનુસ સરકારનું મોટું નિવેદન

પશ્ચિમ બંગાળની રાજધાની ઢાકામાં હિન્દુ પૂજારી ચિન્મય કૃષ્ણ દાસ પ્રભુની ધરપકડને લઈને વધી રહેલા વિવાદ વચ્ચે બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસના પ્રેસ સચિવ શફીકુલ ઈસ્લામે આશ્વાસન આપ્યું છે કે, દેશમાં હિન્દુ સમુદાય સુરક્ષિત છે અને અહીં લઘુમતીઓને કોઈ ખતરો નથી. એક ઈન્ટરવ્યુમાં ઈસ્લામે સ્પષ્ટ કર્યું છે કે, 'બાંગ્લાદેશ સરકારનો ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શિયસનેસ (ઈસ્કોન) પર પ્રતિબંધ મૂકવાનો કોઈ ઈરાદો નથી. હું આ કેસની સુનાવણી અંગે નથી જાણતો પરંતુ બાંગ્લાદેશમાં ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવામાં નહીં આવે.'આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે જ્યારે ઈસ્કોન સાથે જોડાયેલા ચિન્મય કૃષ્ણ દાસની રાજદ્રોહના આરોપમાં ધરપકડ બાદ આ હિન્દુ સંગઠન પર પ્રતિબંધ લગાવવાની માગ વધી ગઈ છે. બાંગ્લાદેશ હાઈકોર્ટે ગુરુવારે ઈસ્કોનની ગતિવિધિઓ પર પ્રતિબંધ મૂકવાની અરજી ફગાવી દીધી હતી.તાજેતરમાં જ બાંગ્લાદેશમાં લઘુમતી સમુદાયો વચ્ચે હિંસાની ઘટના પર બોલતા ઈસ્લામે કહ્યું કે, "હિન્દુ સમુદાય બાંગ્લાદેશમાં સુરક્ષિત છે. એક વ્યવસ્થિત સ્તર પર ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે. હું તમને વિનંતી કરું છું કે, આવીને ગ્રાઉન્ડ સ્થિતિ જુઓ. શરૂઆતના થોડા દિવસોમાં હિંસા થઈ હતી પરંતુ, હવે સ્થિતિ નિયંત્રણમાં છે." ઈસ્લામે આગળ કહ્યું કે, ચિન્મય કૃષ્ણ દાસને નિષ્પક્ષ ન્યાય મળશે અને સરકાર આ દિશામાં સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે.

ભારતના નિવેદન પર પ્રતિક્રિયા આપતા ઈસ્લામે આ આતંરિક મામલો ગણાવ્યો અને કહ્યું કે, 'નવી દિલ્હીએ આ મામલે ટિપ્પણી કરવાની જરૂર નહોતી. ભારત સરકારે નિવેદન ન આપવું જોઈતું હતું. આ અમારો આંતરિક મામલો છે. અમે ભારતમાં બની રહેલી ઘટનાઓ પર ક્યારેય ટિપ્પણી નથી કરતા.'

ભારતે મંગળવારે ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડની નિંદા કરી હતી અને બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાયની સુરક્ષા સુનિશ્ચિત કરવાની માગ કરી હતી.

# કાશ્મીરમાં આતંકીઓની નવી ચાલ, ગેરિલા યુદ્ધની ટ્રેનિંગ શરૂ, હથિયારો બદલ્યાં, સ્થાનિક ભરતી નહીં

ઓક્ટોબરમાં બારામુલા પોલીસને એક અજીબોગરીબ ઘટનાની જાણકારી મળી. એક અંતરિયાળ ગામમાં જંગલની પાસેની દુકાનમાં રાત્રે આતંકવાદીઓએ દરવાજો તોડી નાંખ્યો અને ખાણી-પીણીનો અને રેશનનો ઘણો સામાન લઇ ગયા હતા. તેમણે એક ડબાની નીચે સામાનની કિંમતથી વધુ રૂપિયા મૂક્યા હતા. દુકાનમાં ૧૫ દિવસમાં આવી બીજી ઘટના બની હતી. જ્યારે કિશ્તવાડમાં થયેલા એન્કાઉન્ટરમાં આખી રાત્રીમાં માત્ર ૬ ફાયરિંગ કર્યા હતાં. તે બધાં પિન પૉઈન્ટ નિશાન ઉપર હતાં.આતંકવાદીઓએ ૬ ફાયરિંગથી આખી રાત સુરક્ષાદળોને વ્યસ્ત રાખ્યાં અને સવારે જંગલમાં અદશ્ય થઇ ગયા હતા. આ બે ઘટના પાકિસ્તાનથી જમ્મુ-કાશ્મીરમાં ઘૂસેલા આતંકવાદીઓની બદલાતી રણનીતિ દર્શાવે છે. પ્રથમ, ન તો સ્થાનિક આતંકવાદીઓની ભરતી કરવામાં આવી રહી છે અને ન તો સ્થાનિક મદદગારોને રાખવામાં આવી રહ્યા છે. બધું જાતે મેનેજ કરે છે. બીજું, તાલીમ, શસ્ત્રો અને સંદેશા વ્યવહારનાં ઉપકરણો તદ્દન અદ્યતન છે. વિવિધ એજન્સીઓના ઇનપુટ્સ સૂચવે છે કે જમ્મુ અને કાશ્મીરમાં ૧૨૫થી વધુ વિદેશી આતંકવાદી છે.આંતકીઓએ કમ્યુનિકેશન અને મૂવમેન્ટની રણનીતિ બદલી મિનિમમ લોકલ કૉન્ટેક્ટ આતંકવાદી મિનિમમ સિવિલ કૉન્ટેક્ટ રાખી રહ્યા છે. રાશન માટે દુકાનોમાં ખાતર પાડવા જેવી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. જંગલમાં સતત લોકેશન બદલતા રહે છે. પર્વતારોહકો માટે બનેલી એપથી જંગલના રસ્તા શોધે છે. બચવા માટે ૨-૪ આંતકવાદી જ સાથે ચાલે છે.કોમ્યુનિકેશનઃ હેન્ડલર્સ સાથે વાત કરવા માટે ચાઈનીઝ સાધનોમાંથી એન્ક્રિપ્ટેડ ડેટા મોકલી રહ્યા છે આતંકવાદીઓ તેમના હેન્ડલર્સ સાથે અથવા સરહદ પાર એકબીજા સાથે વાતચીત કરવા માટે ચીની ઉપકરણોની મદદ લઈ રહ્યા છે. આ અલ્ટ્રા ફ્રીક્વન્સી પર કામ કરે છે. પાકિસ્તાની સેના પાસે કમાન્ડો જેવી ટ્રેનિંગ, ગેરિલા યુદ્ધનો પણ અનુભવ જૈશ- એ- મોહમ્મદ અને લશ્કર- એ- તોઈબાના આતંકવાદીને પાક સેનાના કમાન્ડો ફોર્સ એસએસજીના પૂર્વ અધિકારી ટ્રેનિંગ આપે છે.

તંત્રી લેખ...

# બેન્કો માટે રાહતની સ્થિતિ : ધિરાણ કરતાં થાપણ વૃદ્ધિ ફરી ઊંચી જોવા મળી

મુંબઈ : દેશની બેન્કો માટે રાહતની કહી શકાય તેવી સ્થિતિમાં ૧૫ નવેમ્બરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ કરતા થાપણ વૃદ્ધિનું સ્તર ઊંચુ જોવા મળી રહ્યું છે. ૧૫ નવેમ્બરના પખવાડિયામાં બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિનું સ્તર વાર્ષિક ધોરણે મંદ પડી ૧૧.૧૫ ટકા રહ્યું છે જ્યારે થાપણ વૃદ્ધિનું સ્તર ૧૧.૨૧ ટકા રહ્યું છે.

રિઝર્વ બેન્ક દ્વારા જારી કરાયેલા ડેટા પ્રમાણે, ૧૫ નવેમ્બરના પખવાડિયાના અંતે બેન્કિંગ ક્ષેત્રમાં બાકી પડેલી થાપણનો આંક રૂપિયા ૨૧૮.૫૪ લાખ કરોડ રહ્યો હતો જ્યારે બાકી પડેલી ધિરાણનો આંક રૂપિયા ૧૭૩.૬૨ લાખ કરોડ રહ્યો છે. ૧લી નવેમ્બરના સમાપ્ત થયેલા પખવાડિયામાં થાપણનો આંક રૂપિયા ૨૨૦.૨૭ લાખ કરોડ જ્યારે ધિરાણનો આંક રૂપિયા ૧૭૪.૩૭ લાખ કરોડ રહ્યો હતો. અઢી વર્ષના ગાળા બાદ ૧૮ ઓકટોબરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ કરતા ઊંચી રહ્યા બાદ થાપણ વૃદ્ધિ ૧લી નવેમ્બરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિને લગભગ સમાન રહ્યાનું રિઝર્વ બેન્કના ડેટામાં અગાઉ જણાવાયું હતું.૧લી નવેમ્બરના સમાપ્ત થયેલા પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૧૧.૯૦ ટકા રહી હતી જ્યારે થાપણ વૃદ્ધિનો આંક ૧૧.૮૩ ટકા રહ્યો હતો. ૧૮ ઓકટોબરના સમાપ્ત થયેલા પખવાડિયામાં બેન્કિંગ વ્યવસ્થામાં થાપણ વૃદ્ધિ ૧૧.૭૪ ટકા રહી હતી અને ધિરાણ વૃદ્ધિ ૧૧.૫૨ ટકા રહી હતી. એક સમયે થાપણ વૃદ્ધિ કરતા ધિરાણ વૃદ્ધિ સાત ટકા જેટલી ઊંચી જોવા મળી હતી.દેશના શેરબજારોમાં રેલીને કારણે ઘરેલું બચતો ઈક્વિટીસ તરફ વળવા લાગતા બેન્કોમાં થાપણ તરફના આકર્ષણમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ઘરેલુ બચતની ઈક્વિટીમાં ફાળવણી જે ૨૦૨૦માં ૧૫ ટકા હતી તે ૨૦૨૪માં વધી ૨૫ ટકા પહોંચી ગઈ હોવાનું તાજેતરમાં એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું. થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચેનું અંતર હાલમાં ઘટી જવા પાછળનું એક કારણ ધિરાણ ઉપાડમાં મંદ ગતિ જણાવાઈ રહી છે. રિઝર્વ બેન્ક દ્વારા રિસ્ક વેઈટમાં વધારા ઉપરાંત અનસિકયોર્ડ લોન્સ પર અંકૂશને કારણે ધિરાણ વૃદ્ધિ મંદ પડી હોવાનું કહી શકાય છે.

# ટોપ-૧૦ પરફોર્મિંગ લાર્જકેપ શેર્સમાં ૬૦-૧૩૦% સુધી રિટર્ન છૂટ્યું, હવે ટ્રેન્ડ ટ્રમ્પ પોલિસી અને ફેડરેટ કટ પર નિર્ભર



ઈક્વિટી માર્કેટમાં છેલ્લા કેટલાક સપ્તાહથી મોટી વધઘટ વચ્ચે પણ રોકાણકારોને ડબલ ડિજિટમાં રિટર્ન મળ્યું છે. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં શેરમાર્કેટે સરેરાશ ૧૧ ટકા રિટર્ન આપ્યું છે ખાસકરીને લાર્જ કેપ કંપનીઓના શેરોએ સારું પ્રદર્શન કર્યું છે. ટોપ-૧૦ પરફોર્મિંગ લાર્જકેપ શેરોનું રિટર્ન ૬૦-૧૩૦% રહ્યું છે. જેમાં ઝોમેટો, ટ્રેન્ટ, સિમેન્સ, ઈન્ડસ ટાવર્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને વેદાંતાનો સમાવેશ થાય છે.બીએસઈના અહેવાલ અનુસાર નાની કંપનીઓ (સ્મોલકેપ)ના શેરનું રિટર્ન સેન્સેક્સ-નિફ્ટી કરતાં અઢી ગણું અને લાર્જકેપ ઈન્ડેક્સ કરતાં બમણું ૨૮% રહ્યું છે. શુક્રવારે સેન્સેક્સ ૭૫૯ પોઈન્ટ વધીને ૭૯૮૦૩ અને નિફ્ટી ૨૧૭ પોઈન્ટ વધીને ૨૪૧૩૧ પર બંધ થયો હતો. એનાલિસ્ટોના મતે નાણાવર્ષ ૨૦૨૪-૨૫ના બાકીના મહિનામાં સ્થિરતા પાછી આવી શકે છે. નવા રેકોર્ડ સ્તરે પહોંચે તેવી શક્યતા છે. જોકે અમેરિકામાં ટ્રમ્પ ચૂંટાયા છે પરંતુ તેની અત્યાર સુધી કોઇ જ પોઝિટીવ અસર માર્કેટ પર જોવા મળી નથી ઉલટું ક્રિપ્ટોને સપોર્ટ કરતા ઈક્વિટીમાંથી ફંડ ક્રિપ્ટો તરફ ડાયવર્ટ થયું.મોટા ઘટાડાની શક્યતા ઓછી, ટ્રમ્પની પોલિસી પર નજર ૧. અર્નિંગ ગ્રોથ બમણો થશે કંપનીઓનો અર્નિંગ ગ્રોથ અનુસાર આગામી ક્વાર્ટર એટલે કે ઓક્ટોબર-ડિસેમ્બર વધુ સારું રહેશે. નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટર (જાન્યુઆરી-માર્ચ) સુધીમાં અર્નિંગ ગ્રોથ બમણો થવાની શક્યતા છે. અર્નિંગ ગ્રોથ બાબતે સતત સુધારાના સંકેત, ગ્રોથ ૧૬ ટકા થઇ શકે.૨. સરકાર ખર્ચ વધારશે: કેન્દ્ર અને રાજ્ય સરકાર છેલ્લા ૯ મહિનાથી ચૂંટણીમાં વ્યસ્ત છે.

# વાવની ચતરપુરા માઈનોર કેનાલ રિપેર કરીને જ પાણી છોડવા માગ

વાવ તાલુકાના અસારા ગામના ખેડૂતના ખેતરમાં છેલ્લા ત્રણ વર્ષથી ઓવરફ્લો થઈ તૂટી જતી હોઈ ખેતરમાં પાણી ફરી વળતા વાવેતર કરી શકાતું નથી. જેને લઈ સત્વરે કેનાલનું રિપેરીંગ કામ કરી પાણી છોડવામાં આવે તેવી ખેડૂતોએ લેખિત રજૂઆત કરી હતી.

વાવની ચતરપુરા માઈનોર કેનાલ રબારી માંનાભાઈ કાળાભાઈના ખેતરમાં છેલ્લા ત્રણ વર્ષથી વારંવાર તૂટી જતી હોવાના કારણે ત્રણ વર્ષથી શિયાળુ સીઝન લઈ શકતા નથી. પાછળના ખેડૂતોને પણ છેલ્લા ત્રણ વર્ષથી પાણી મળતું નથી. જેઓ પણ સિઝનના પાક લઈ શકતા નથી. આ બાબતે વારંવાર ત્રણ વર્ષથી મૌખિક અને લેખિત રજૂઆતો કરવા છતાં રિપેરીંગ કરવામાં આવતી નથી. રિપેરીંગ કરવાવાળા રાજકીય જેકવાળા હોઈ નબળું કામ કરી બિલ પાસ કરાવી નાખે છે. આખી સિઝન અમારું ખેતર પાણીથી ભરાયેલું રહે છે. ચાલુ સાલે પણ આ જ હકીકત બનેલ છે. હાલ ખેતર પાણીથી ભરેલું છે. અમોએ જમીન સમી કરી પિયત કરવા સારુ મુકેલી હતી. પાણી છોડતા મારું આખું ખેતર ભરાઈ ગયેલું છે અમોએ ત્રણ વર્ષથી આ ખેતરમાં પિયત કરી શકતા નથી તેનું તથા ખેતરને સરખું કરી બિયારણ સુધીનું તમામ વળતર આપવા તથા ચાલુ શાલે તાત્કાલિક રિપેર કરવા માંગ કરી હતી. જો તાત્કાલિક રિપેર નહિ કરવામાં આવે તો અમો ભૂખ હડતાળ ઉપર ઉતરી ગાંધીચિંદયા માર્ગે જવા પ્રેરાઈશું તેવી ચીમકી ઉચ્ચારી હતી.

# સરગાસણ ચોકડી ખાતે નિર્મિત જાહેર શૌચાલયનું લોકાર્પણ




માનનીય મેયર શ્રીમતી મીરા પટેલ એ ગાંધીનગર મહાનગરપાલિકા અને સુલભ ઈન્ટરનેશનલ સ્કૂલ ઓફ એક્શન સોશિયોલોજી એન્ડ સોશિયોલોજી ઓફ સેનીટેશન(નવી દિલ્હી) ના સંયુક્ત ઉપક્રમે અંદાજિત રૂપિયા ૫૦ લાખના ખર્ચે સરગાસણ ચોકડી ખાતે નિર્મિત જાહેર શૌચાલયનું લોકાર્પણ કર્યું. સરગાસણ ચોકડી ખાતે માનનીય મેયર શ્રીમતી મીરા પટેલ એ જાહેર શૌચાલયનું લોકાર્પણ કર્યું.આજરોજ માનનીય મેયર શ્રીમતી મીરા પટેલ એ ગાંધીનગર મહાનગરપાલિકા અને સુલભ ઈન્ટરનેશનલ સ્કૂલ ઓફ એક્શન સોશિયોલોજી એન્ડ સોશિયોલોજી ઓફ સેનીટેશન(નવી દિલ્હી) ના સંયુક્ત ઉપક્રમે અંદાજિત રૂપિયા ૫૦ લાખના ખર્ચે સરગાસણ ચોકડી ખાતે નિર્મિત જાહેર શૌચાલયનું લોકાર્પણ કર્યું. આ દરમિયાન મેયરશ્રી એ જણાવ્યું હતું કે “સ્વાસ્થ્ય અને સ્વચ્છતા જાળવી રાખતા શૌચાલયનો જાળવણીપૂર્વક ઉપયોગ કરીએ. જાહેર અને કમ્યુનિટી શૌચાલયોમાં પણ સ્વચ્છતા જાળવી સફાઈમિત્રોનું સન્માન જાળવીએ.”આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના માનનીય મેયર શ્રીમતી મીરા પટેલ, ડેપ્યુટી મેયરશ્રી નટુજી ઠાકોર, પક્ષના નેતાશ્રી અનિલસિંહ, સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી જે.એન.ભોરણીયા, મદદનીશ મ્યુનિસિપલ કમિશનરશ્રી, મદદનીશ નિયામકશ્રી સેનીટેશન અને સેનિટેશન સ્ટાફ હાજર રહેલ.

# મહેસાણાથી લીંબુ ભરીને જતા પિકઅપનો અમીરગઢના ચેખલાના પાટીયા પાસે અકસ્માત



પાલનપુર આબુ હાઈવે પર ચેખલા પાટિયા પાસે એક બાઈક રોડ વચ્ચે આચાનક આવી જતા લીબુ ભરેલું પીકઅપ ડાલુ પલટાતા અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે, ડાલામાં રહેલ લીબુ હાઈવે રોડ પર વેરાયા હતા, અકસ્માત ને લઈ હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સામે આવ્યા હતા. બનાવના પગલે અમીરગઢ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી પહોંચી આગળની તપાસ હાથ ધરી છે.પાલનપુર આબુ નેશનલ હાઈવે પર બાઇકને બચાવવા જતા બચાવવાં જતા પીકઅપ ડાલુ પલટાયુ છે. જેમાં પીકપ ચાલક મહેસાણાથી લીંબુ ભરી રાજસ્થાનના ઉદયપુર તરફ જઈ રહ્યો હતો. અમીરગઢ તાલુકાના ચકલાના પાટીયા પાસે પહોંચતા રાત્રિના કોઈ બાઈક ચાલક અચાનક વચમાં આવી ગયો હતો, જેથી પીકઅપ ચાલકે બાઈક ચાલકને બચાવવા જતા પીકઅપ ડાલુ પલટી મારી ગયું હતું. અને પીકઅપ રહેલ લીબુ રોડ વચ્ચે પથરાયા હતા જેના કારણે નેશનલ હાઈવે ઉપર ટ્રાફિક જામના દ્રશ્યો સામે આવ્યા હતા. બનાવના પગલે સ્થાનિક લોકોના ટોળેટોળા એકઠા થયા હતા અને અમીરગઢ પોલીસને જાણ કરી હતી. ઈકબાલગઢ પોલીસ કર્મી તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી પહોંચી હાઈવે પર ટ્રાફિક નિયંત્રણ કરાવ્યું હતું, જોકે અકસ્માતના પગલે પીકઅપ માલિકને મોટુ નુકસાન પહોંચ્યું છે.



Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું